નગર રચના અધિકારીની કચેરી
નગર રચના યોજના, એસ. એમ. સી. એકમ, સુરત.
ત્રીજા માળે, વોર્ડ ઓફીસ, મ્યુનિસિપલ બીલ્ડીંગ, કાંસકીવાડ, સુરત. (☎) ફોન નં. (૦૨૬૧) ૨૪૫૭૮૨૩

નં. નરયો/સુરત નં. ૪૭(ભેસ્તાન)/પ્રારંભિક યોજના/ ૧૩૧૮

ઈનવર્ડ નં. ...... ટી.પી.વી. તારીખ ૧૮-૭-૦૭ 15 JUL 2007 ક્રમ નંબર ૭/૨૦૨૮

પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ નાયબ સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બલોક નં. ૧૪, નવા સચિવાલય,
ગાંધીનગર.

વિષય : નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન) પ્રારંભિક યોજના, સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા બાબત...

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૫૧ની જોગવાઈ અનુસાર નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન)ની પ્રારંભિક યોજના અને આખરી યોજનામાં વિભાજિત કરી, ઉકત કાયદાની કલમ–૫૨ની પેટા કલમ–(૧)અનુસાર લેવા પડતા નિર્ણયો લઈ મેં આજ તા.૩૦/૩/૨૦૦૭ના રોજ નગર રચના અધિકારી તરીકે પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે. અને ઉકત કાયદાની કલમ–૫૨(૨) તેમજ ૬૪ની, જોગવાઈ અનુસાર સદર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે આ સાથે સાદર કરું છું.

મુસધ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન)ને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા:૨૯/૮/૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક : જીએચ/વી/૨૦૦૩ નો ૧૫૮/ટીપીએસ/૧૪૨૦૦૦/૩૫૨૮/લ, થી મંજુર કરવામાં આવેલ છે. અને સરકારશ્રીના એજ વિભાગના તા:૨૭/૧/૨૦૦૪ના અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૦૪ નો ૮/ટીપીવી/૧૦૨૦૦૩/૮૧૨૪–(૨)/વ,થી નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના, એસ. એમ. સી. એકમ–૧, સુરતની નિમણૂંક થયેલ છે. જે અંગે ની પ્રસિધ્ધિ સરકારશ્રીના તા:૨૯/૧/૨૦૦૪ના અસાધારણ રાજયપત્રના ભાગ–૪/બીના પાન નં. ૨૨–૧ ઉપર થયેલ છે. નગર રચના અધિકારીએ તા.૯/૩/૨૦૦૪ના રોજ યોજનાને અંતિમ કરવા સારુ નગર રચના અધિકારી તરીકેની વિધિવત પોતાની ફરજો સંભાળેલ.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ મુસદદારૂપ નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન)માં સુચવેલ દરખાસ્તો ઉપર જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓ તથા અસર કરતા ઈસમો/વ્યકિતઓને નિયત નોટીસો બજાવી, તેઓ તરફથી વાંધા/સુચનો મંગાવ્યા બાદ તેમની રજુઆતો ધ્યાને રાખી, તેમજ યોજનામાં સુચવેલ દરખાસ્તો પરત્વે પ્રારંભિક યોજના


Received On

જાહેર કરતા પહેલા સમુચિત સત્તામંડળ (સુરત મહાનગર સેવા સદન) સાથે પરામર્શ કરી, ઉકત અધિનિયમ ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાને આખરી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉકત કાયદાની કલમ–૫૨(૧) હેઠળ લેવા પડતા તમામ નિર્ણયો લઈ નગર રચના અધિકારીશ્રી એ યોજનાનો એવોર્ડ તાઃ૩૦/૩/૨૦૦૭ના રોજ જાહેર કરેલ છે. અને તે અંગેની પ્રસિધ્ધિ તાઃ૩/૪/૨૦૦૭ ના સ્થાનિક દૈનિક સમાચારપત્ર 'સંદેશ'માં તેમજ તાઃ૧૨/૪/૨૦૦૭ ના સરકારશ્રીના રાજયપત્રના ભાગ–૨ ના પાના નં. ૪૦૬ પર થયેલ છે.

નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન)ન માં સમાવિષ્ટ મુળખંડ તથા અંતિમખંડની દરખાસ્તો ઉપર નગર રચના અધિકારી ધ્વારા લેવામાં આવેલ નિર્ણયો અંગેની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો–૧૯૭૯ ના દર્શાવ્યા મુજબના ફોર્મ–જે મુજબ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને જાણ કરવામાં આવી રહેલ છે. અને તે મુજબની નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન) ની પ્રારંભિક યોજનાને સરકારશ્રી ની મંજુરી અર્થે આ સાથે સાદર કરેલ છે. અને તે અંગે આગળની ઘટિત કાર્યવાહી કરવા વિનંતી છે. જેથી સદરહુ યોજનાની દરખાસ્તો બાબતે સમુચિત સત્તામંડળ ધ્વારા અમલીકરણની કાર્યવાહી હાથ ધરી શકાય. જે વિદિત થવા વિનંતી છે.

સદરહુ નગર રચના યોજના સુરત નં.૪૭(ભેસ્તાન)માં કોઇ કોર્ટ કેસ થયેલ નથી.

બિડાણઃ (૧) યોજનાના સાહિત્ય (સ્કિમબુક)ની એક નકલ.
(૨) નગર રચના અધિકારીના નિર્ણયોની એક નકલ.
(૩) કપાતની ટકાવારીની સરખામણી દર્શાવતું પત્રક.

આપનો વિશ્વાસુ

નગર રચના અધિકારી
નગર રચના યોજના નં. ૪૭(ભેસ્તાન)
એસ. એમ. સી. એકમ–૧, સુરત.

<u>નકલ સવિનય રવાનાઃ</u>

- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(યોજનાના સાહિત્ય (સ્કિમબુક)ની ત્રણ નકલ તથા નિર્ણયોની એક નકલ તથા પ્લાન–૩ ની બે નકલો સહ.)
- પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
(યોજનાના સાહિત્ય (સ્કિમબુક) તથા નિર્ણયોની એક નકલ સહ.)
- મ્યુ. કમિશ્નરશ્રી, સુરત મહાનગર સેવાસદન, સુરત તરફ જાણ સારૂં.

D:\TPO-SMC\TPS-47\AWARD\SUBMIT TO GOVT.doc